ક્રમાંક:અનદ/ધ/માધ્ય/૨૦૧૭/ ૪૩૩૩-૯૬
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તારીખ .૧૧/૦૫/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ

વિષય :- રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોની સીધી ભરતીથી થતી નિમણુંકોનો ફીક્સ પગાર પર "ખાસ ભથ્થું" આપવા તેમજ તેમની સેવાની શરતોમાં શરતો કરવા બાબત.

સંદર્ભ :-
૧) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ, તા.૨૮/૧/૦૮
૨) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૫/૨૨/ગ, તા.૧૮/૫/૧૫
૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧, તા.૨૦/૧૦/૨૦૧૫
૪) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૫/૨૨/ગ, તા.૨૬/૯/૧૬
૫) આ કચેરીના પત્ર ક્ર.ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૬/૨૦૫૪૫-૭૯, તા.૩૦/૦૯/૨૦૧૬

ઉપરોકત વિષય અને સંદર્ભો પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર-૧ માં જણાવેલ તા.૨૮/૧/૦૮ ના ઠરાવથી માસીક ફીક્સ પગારના નકકી કરેલ પગાર પર (ખાસ ભથ્થું) આપવા તેમજ આ ફીક્સ પગારના કર્મચારીઓની સેવા અને શરતોમાં સુધારો કરવાનો નિર્ણય સંદર્ભ-૪ માં જણાવેલ શિક્ષણ વિભાગના તા. ૨૬/૯/૨૦૧૬ ના ઠરાવથી જોગવાઈ કરવામાં આવેલ છે.

નાણાં વિભાગના સંદર્ભ-૩ માં જણાવેલ ઠરાવથી ફીક્સ પગારના નકકી કરેલ આ પગાર પર ખાસ ભથ્થું આપવાની જોગવાઈઓ શિક્ષણ વિભાગના સંદર્ભ-૪ માં જણાવેલ ઠરાવથી લાગુ પાડવામાં આવેલ છે. તેને આ કચેરીના તા.૩૦/૯/૨૦૧૬ ના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ જણાવવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે કેટલાક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા શિક્ષણ વિભાગના તા.૨૬/૯/૧૬ના ઠરાવથી નકકી થયેલ ખાસ ભથ્થું આપવા અંગેની જોગવાઈઓનો અમલ કરવામાં આવેલ નથી. તે અગેંની રજુઆતો ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ ધ્વારા કરવામાં આવેલ છે.

આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવની જોગવાઈઓ ગ્રાન્ટેડ શાળાના ફીક્સ પગારના કર્મચારીઓને શિક્ષણ વિભાગના

તા.૨૬/૯/૧૬ના ઠરાવથી લાગુ પાડવામાં આવેલ જોગવાઈઓનો પૂર્ણ રીતે તાત્કાલિક અમલ કરી ગ્રાન્ટેડ શાળાના ફીક્સ પગારના કર્મચારીઓને ખાસ ભથ્થું અને નિર્દિષ્ટ લાભો આપવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર સંયુકત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિકની મંજુરી અનુસાર.

સહી/-
(ડૉ. એ.કે.રાઠોડ)
નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :-</u>

– જનરલ મેનેજરશ્રી, ઈન્ડેક્ષ 'બી', ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

<u>નકલ જાણ સારૂ :-</u>

– પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંકલન સમિતી, ગુ.રા., અમદાવાદ.